જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયમાં આરોગ્ય તપાસ અને વાલીમીટીંગ

ગાંધીનગર, તા. ૨૮

જે એમ ચૌધરી કન્યા શાળામાં શાળામાં આરોગ્ય તપાસ તથા આરોગ્યને લગતી માહિતી સેનેટરી નેપકિન કંપની તરફથી યોજાઇ ગઈ. જેનો ઉદેશ કન્યાઓનું આરોગ્ય સારું રહે તથા ભવિષ્યમાં કોઈપણ બીમારી ન થાય તે હતો. આ માટે વિદ્યાર્થિનીઓને વિશદ માહિતી અને માર્ગદર્શન શાળામાં આપવામાં આવ્યું. આચાર્ય રમીલાબેનની રાહબરી હેઠળ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળામાં ચાલતી આરોગ્ય અને સફાઈ સમિતિ દ્વારા સંપૂર્ણ સંચાલન કરવામાં આવ્યું હતું.

શુક્રવારે શાળામાં વાલી મિટિંગ પણ યોજાઇ હતી, જેમાં કન્યાઓના પ્રશ્નોને વાચા આપતાં આચાર્યએ ઉદ્બોધન કર્યું હતું. શાળામાં આપવામાં આવતી આયર્નની ગોળીઓ વિષે ભાર્ગવીબેને માહિતી આપી હતી.

કન્યાઓનું પરિણામ સારું અને ઉત્કૃષ્ટ આવે તે માટે માતપિતાએ તેમને ચિંતામુક્ત વાતાવરણમાં રાખવાં જોઈએ, માનસિક તણાવ હેઠળ કન્યાઓ વધારે ન આવે તે માટે મનોવિજ્ઞાન શિક્ષક ઊર્મિલાબેન ચૌધરીએ માર્ગદર્શન આપ્યું હતું.

દસમા ધોરણમાં બદલાયેલ અભ્યાસ તથા પરીક્ષા પદ્ધતિ વિષે વર્ષાબેને સચોટ માહિતી આપી હતી. માતૃ મંડળ ,પિતૃમંડળ તથા વાલીમંડળની સંપૂર્ણ કામગીરી મધુબેન તથા શ્રી કોકિલાબેને નિભાવી હતી.

પ્રેરણા વિદ્યાલયમાં શાળા પ્રવેશોત્સવ

પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫ ખાતે શુક્રવારે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ-૧માં પ્રવેશ લઈ રહેલાં ૫૦ બાળકોને કુમકુમ તિલક કરી શાળામાં આવકારવામાં આવ્યાં હતાં અને તેમને લેખનકાર્ય માટેની કિટ ભેટ ધરવામાં આવી હતી. શાળાની બાળાઓએ આ પ્રસંગે સુંદર સ્વાગત ગીત રજૂ કર્યું હતું. આચાર્ય મહેશભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. મેનેજિંગ ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલાએ બાળકોને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ પાઠવ્યા હતા. માધ્યમિક વિભાગના આચાર્ય મનીષ ખત્રી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

જન્મદિને વધામણી

મહર્ષિ રાવલ
મોટીવેશનલ ટ્રેનર
મો. ૯૯૭૯૮ ૯૮૭૪૨

હિતેષ વિનોદ જોષી (શર્મા)
મો. ૮૦૦૦૭ ૭૨૫૦૨

હેતાર્થ કેયુર શાહ
ફોન : ૨૩૨૨૩૬૯૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

ગણપત યુનિવર્સિટીની યશકલગીમાં પ્રતિષ્ઠાનું એક વધારે પીંછું ઉમેરાયું

ગાંધીનગર, તા. ૨૮

શૈક્ષણિક શ્રેષ્ઠતા માટે દેશની વિવિધ સંસ્થાઓ દ્વારા વારંવાર સન્માનિત થવાની ગરવી પરંપરામાં તાજેતરમાં વધુ એક રાષ્ટ્રકક્ષાની સિદ્ધિ હાંસલ કરી ગણપત યુનિવર્સિટીએ યશકલગીમાં એક વધુ પીંછું ઉમેર્યું છે.

સરકારી અને ખાનગી યુનિવર્સિટીઝમાં શૈક્ષણિક ગુણવત્તાના ક્ષેત્રે વાર્ષિક સર્વેની ઊંચી પ્રતિષ્ઠા છે તેવા ઈન્ડિયા ટુડે - એમડીઆરએના ઈન્ડિયાઝ બેસ્ટ પ્રાઈવેટ યુનિવર્સિટીઝ-૨૦૧૯માં ગુજરાતની બે યુનિવર્સિટીઝને સ્થાન મળ્યું છે, આ પૈકી ગણપત યુનિવર્સિટી એક છે.

પ્રથમ સ્થાન નિરમા યુનિવર્સિટીને અને દ્વિતીય સ્થાન ગણપત યુનિવર્સિટીને મળ્યું છે.

યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ અને યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર મહેન્દ્ર શર્માએ આ સિદ્ધિનો આનંદ વ્યક્ત કરી યુનિવર્સિટી પરિવારને અભિનંદન પાઠવ્યા છે.

જાયન્ટ્સ ગ્રૂપ ઑફ ગાંધીનગર મેઈન તથા

દેલવાડા ગામના પર્યાવરણપ્રેમી ગ્રામજનોએ ૧૦૦૦ વૃક્ષો વાવ્યાં

ગાંધીનગર, તા. ૨૮

સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યાએ ભરડો લીધો છે, ત્યારે તેની સામે લડવા માટે વૃક્ષારોપણ એ જ આશરો છે. આ જરૂરિયાત પારખીને જાયન્ટ્સ ગ્રૂપ ઑફ ગાંધીનગર મેઈન તથા દેલવાડા ગામની પર્યાવરણ બચાવો સમિતિ દ્વારા વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું અને ૧ હજાર વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

ગ્રૂપના ઉપપ્રમુખ બી એમ પટેલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે દેલવાડા ગામના છ રોડ સાઈડ, ચાર તળાવોની ધાર પર, નવી આનંદવાડી, સ્મશાનગૃહ, હાઈસ્કૂલ અને ખુલ્લી પડતર જગ્યામાં પીપળા, સપ્તપર્ણી, જાંબુ, બોરસલ્લી, પેન્ડ્યુલા, લીમડા જેવાં વૃક્ષોનું વાવેતર આ અભિયાન હેઠળ કરવામાં આવ્યું હતું. જરૂરી જગ્યાએ ટ્રી ગાર્ડ ગોઠવી નિયમિત પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે, જેથી વૃક્ષો વધુમાં વધુ પ્રમાણમાં ઉછરે ને વિકસે.

આ પ્રસંગે સમિતિના પોપટભાઈ ડી પટેલ, ગોવિંદભાઈ પી પટેલ, સુનિલભાઈ પી પટેલ, પશાભાઈ આઈ પટેલ અને જાયન્ટ્સ ગ્રૂપના બાબુભાઈ એમ પટેલ, વિકેશભાઈ એમ પટેલ, માધુભાઈ એચ પટેલ, નવિનભાઈ આર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીજીનો વિનોદ

॥ ૬૯મો મણકો ॥

મુક્ત હાસ્ય

તેમના પ્રેમાળ હૃદયનું ઊભરાતું હેત ને તેમના પ્રસન્નતા ફેલવતાં સ્મિતને લીધે તેઓ જીવતા લોહચુંબક જેવા બન્યા છે. કરોડો માણસોનાં હૃદય સ્વેચ્છાએ તેમના ચરણે શ્રદ્ધાંજલિ અર્પે છે.

- અરદેશર રતનજી વાડિયા

એમનામાં તપસ્વીની ભારેખમ ગંભીરતા કે ઉગ્રતા છાંટાભાર નથી, ઊલટું તેઓ તો અતિશય વિનોદી છે.

- કરબી પેઈજ

એમનામાં ભય કે સ્વાર્થ છાંટાભાર નથી. તેઓ વિનોદી, હેતાળ, હઠીલા અને શૂરવીર છે.

એડવોર્ડ થોમસન

એમના બુદ્ધિવાદ અને વ્યવહારુ બુદ્ધિની સાથે જ એક વસ્તુની છાપ અમારા મન પર પડી તે એમની માનવતા. તેઓ ઘણું સ્મિત કરે છે અને પ્રસંગોપાત ખડખડાટ હસે છે. તેમનામાં વિનોદવૃત્તિ છે અને જ્યારે આશ્રમમાં હોય ત્યારે બાળકો સાથે રમે છે અને ગેલ કરે છે.

- શેરવૂડ એડી

તેમણે મને વિનોદમાં કહ્યું, તમે હિન્દુસ્તાન આવ્યા ત્યારે મને મળવા કેમ ન આવ્યા ?

વેબ મિલર : પણ આપ તો તે વેળા જેલમાં હતા ને આપને મળવાની પરવાનગી મને એ લોકોએ ન આપી.

આ સુકલકડી, નાનકડી કાયાવાળા પુરુષે બોખે મોઢે સ્મિત કર્યું અને સસ્તા પોલાદની ફ્રેમવાળાં ચશ્માંમાંથી આંખ મિચકારી !

- વેબ મિલર

કીડી જેવા નાના પ્રાણી વિશેની ઈશ્વરની કાળજી વિશે મેં કંઈક કહ્યું તે સાંભળીને ગાંધીજી સહેજ હસ્યા.

એક અજ્ઞાત અંગ્રેજ લેખક

જેમ્લ મિલ્સ : બધા માણસો આપના જેવી સાદી રહેણી, ઉપવાસ ને વ્યાયામની ટેવપાડે તો આપ માનો છો કે તેઓ સો વરસ જીવે ?

ગાંધીજી : હા, પણ એ ચોક્કસ તો હું મરી જાઉં ત્યારે જ તમે કહી શકો.

આસપાસ બેઠેલાઓના મોં પર હાસ્ય ફરી વળ્યું.

- જેમ્સ મિલ્સ

તેમનામાં ઉત્તમ પ્રકારની વિનોદશક્તિ છે. પ્રભુની પ્રાર્થના પછી પતનમાંથી બચાવનારા મોટા ગુણ જેવું તેમના હાસ્યને વર્ણવી શકાય.

- કે. રામરાવ

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

એરફોર્સમાં જવા માટે શું કરવું ? માર્ગદર્શન આપશો

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

૧. હું બી.બી.એ.ના પહેલા વર્ષમાં અભ્યાસ કરું છું. સી. ડી. એસ. અને એમ. બી. એ.ની પરીક્ષા વચ્ચે મૂંઝવણ છે. મારી ઈચ્છા સી.ડી.એસ.ની છે. આપની સલાહ આપવા વિનંતી છે.

- કિશન પંડ્યા, ગાંધીનગર

બંને વિકલ્પ સારા છે. સી.ડી.એસ.ની પરીક્ષા પાસ કર્યા પછી તમે લશ્કરી દળોમાં ઓફિસર તરીકે ફરજ બજાવી શકો છો. એમબીએ કર્યા પછી પણ સારું કરિયર બની શકે છે. એમ.બી.એ. કરો તો કોઈ પ્રખ્યાત કોલેજમાંથી કરશો તો વધુ ફાયદો થશે.અને સંરક્ષણ ક્ષેત્રે પણ આપ ચોક્કસ આપ આપની કારકિર્દી ઉજ્જવળ બનાવી શકો છો. જો તમારો રસ સી.ડી.એસ કરવાનો છે તો આપ નિશ્ચિંત થઈ આજ થી જ આ પરીક્ષા ની તૈયારી ચાલુ કરી દો.આ

પરીક્ષા યુ.પી.એસ.સી દ્વારા લેવામાં આવે છે.પરીક્ષા પાસ કર્યા પછી સર્વિસ સિલેકશન બોર્ડ (એસ.એસ.બી.) પણ પાસ કરવું જરૂરી છે. તેથી તમારી મેડિકલ અને મેન્ટલ ફિટનેસ પર અત્યારથી જ ધ્યાન રાખજો. ઓલ ધી બેસ્ટ.

૨. હું હાલ ૧૨ કોમર્સ અભ્યાસ કરું છું. શું એરફોર્સમાં મહિલાઓ જોડાઈ શકે છે? યોગ્ય માર્ગદર્શન આપશો.

- અંતરા ભટ્ટ, કલોલ

અંતરા,આપનો પ્રશ્ન વાંચીને ઘણો આનંદ થયો કે આપ વાયુસેનામાં ભરતી થવા માંગો છો.આપનો લક્ષ્ય ખૂબ સરસ છે. હવે આપના પ્રશ્ન નો જવાબ આપીએ તો એનો ઉત્તર છે કે હા, એરફોર્સમાં મહિલા ચોક્ક?સ કામ કરી શકે છે. વધુ માહિતી આપીએ તો ધોરણ ૧૨ પછી મહિલાઓ માટે તરત એવો કોઈ કોર્ષ નથી. હા, આપ ગ્રેજ્યુએશન પછી ચોક્કસ જઈ શકો છો.મહિલા તરીકે આપ એસ.એસ.સી. એટ્લે કે શોર્ટ સર્વિસ કમિશનમાં જ જોડાઈ શકો છો એટ્લે કે મહિલા તરીકે આપની નોકરીની મર્યાદા મર્યાદા ૧૪ વર્ષની રહે છે. ત્યાર બાદ આપ સેવા નિવૃત્ત થઈ જાઓ છો. અન્ય એક જરૂરી બાબત એ છે કે માત્ર અવિવાહિત મહિલા જ એરફોર્સમાં નોકરી મેળવી શકે છે. હવે પરીક્ષાની પ્રક્રિયાની વાત કરીએ તો મુખ્યત્વે અમે આપને બે વિકલ્પો જણાવીશું. એક છે આપ એ.એફ.સી.એ.ટી એટ્લે કે એઈરફોર્સ કોમન એડમિશન ટેસ્ટ ધ્વારા એન્ટ્રી મેળવી શકો છો. અને બીજો વિકલ્પ એ છે આપ નોન-એ.એફ.સી.એ.ટી એટ્લે કે એ.એફ.સી.એ.ટી આપ્યા વગર. સૌપ્રથમ એ.એફ.સી.એ.ટી.ની વાત કરીએ તો એમાં એક વિકલ્પ છે ફ્લાઈંગ શાખા જેમાં આપ પાઈલોટ (એર વોરિઅર) તરીકે આપ ભરતી થઈ શકો છો. તેની લાયકાતમાં આપે ૧૨ ગણિત અને ફિઝિક્સ સાથે મિનિમમ ૬૦% સાથે અને ગ્રેજ્યુએશન કોઈ પણ ક્ષેત્રમાં કર્યું હોય મિનિમમ ૬૦%

માર્કસ સાથે તો આપ એરફોર્સમાં ફ્લાયિંગ બ્રાન્ચ માટે અરજી કરી શકો છો. અથવા તો આપ એ બી.ઈ./બી.ટેક (ઈજનેરી) ૬૦% માર્ક્સ સાથે પાસ કર્યું હોય તો પણ આપ અરજી કરી શકો છો. ફ્લાઈંગ શાખા સિવાય એક અન્ય વિકલ્પની વાત કરીએ તો એ છે ગ્રાઉન્ડ ડ્યુટી શાખા એટ્લે કે જી.ડી શાખા. તેમાં બે પ્રકારની બ્રાંચનો સમાવેશ થાય છે - એક છે ટેકનીકલ અને અને બીજી છે નોનટેક્નિકલ બ્રાંચ. ટેકનીકલ બ્રાંચ માટે આપની પાસે બે વિકલ્પ છે એક છે એરોનોટીકલ એન્જિનીયર મિકેનિકલ અને બીજું એરોનોટીકલ એન્જિનીયર ઈલેક્ટ્રિકલ. ૧૦ અને ૧૨ ધોરણમાં ૬૦% સાથે સાયન્સ હોવું જરૂરી છે. એરફોર્સે દર્શાવેલ ૧૮ વિષયોમાંથી ૮ વિષયમાં ઉત્તિર્ણ થયા હોવ તો આપ આ પરીક્ષામાં સફળ થઈ શકો છો. નોન ટેક્નિકલ એંટ્રીમાં પણ ઘણી બધી શાખાઓ આવે છે, જેમ કે એડ્મિનિસ્ટ્રેશન એન્ડ લોજિસ્ટિક્સ, એજ્યુકેશન અને અકાઉન્ટ્સ. એડ્મિનિસ્ટ્રેશન એન્ડ લોજિસ્ટિક્સ માટે ૬૦% સાથે કોઈ પણ વિષયમાં ગ્રેજ્યુએશન કરેલુ જરૂરીછે. એજ્યુકેશન શાખા માટે કોઈ પણ શાખામાં પોસ્ટ ગ્રેજ્યુએશન ૫૦% સાથે પાસ કરેલુ જરુરી છે. અકાઉન્ટ્સ માટે આપે કોમર્સ વિષય સાથે ગ્રેજ્યુએશન અથવા પોસ્ટ ગ્રેજ્યુએશન કરેલુ જરૂરી છે. નોન એ.એફ.સી.એ.ટી માટે બે વિકલ્પ છે.એક છે એફ.ટી.એસ એટ્લેકે ફાસ્ટ ટ્રેક સિલેક્સન એન્ટ્રી.જેમાં આપને એર ફોર્સ ની ડાયરેક્ટ બ્રાંચ મટીરિયોલોજી મા એંટ્રી મળે છે.આ પરીક્ષા માટે આપે અનુરુપ વિષયમાં પોસ્ટ ગ્રેજ્યુએશન અને ૫૫% સાથે ગણિત અને ફિજિક્સમાં ગ્રેજ્યુએશન કર્યું હોવુ જરૂરી છે. મટીરિયોલોજી બ્રાન્ચમાં હવામાન ને લગતી માહિતી એરફોર્સને આપવાની હોય છે. બિજા વિકલ્પની વાત કરીએ તો એ છે એન.સી.સી. એટ્લે કે નેશનલ કેડેટ કોર્સ ની સ્પેશિયલ એન્ટ્રી.આ માટે આપની પાસે એન.સી.સી ના એર વિંગનુ સિનિયર ડિવિઝનનુ 'સી' સર્ટીફિકેટ જરૂરી છે. મહત્વની વાત એ છે આપે જો એરફોર્સમાં ભરતી થવા માટે જણાવેલ કોઈ એક પરીક્ષા ઉત્તિર્ણ કર્યા બાદ એસ.એસ.બી (સર્વિસ સિલેકશન બોર્ડ)ની પરીક્ષા આપવા માટે લાયક ગણાઓ છો. એસ.એસ.બી. પાસ કર્યા બાદ આપની મેડિકલ ટેસ્ટ થાય છે અને તે પાસ કર્યા બાદ આપ એરફોર્સમાં જોડાઈ શકો છો. પણ જો આપની પાસે એન.સી.સી.ના એર વિંગ નું સિનિયર ડિવિઝનનુ 'સી' સર્ટીફિકેટ હોય છે, તો આપને ડાયરેક્ટ એસ.એસ.બી. માટે બોલાવવામાં આવે છે. એસ.એસ.બી.માં આપની પર્સનલિટી ચેક થાય છે અને આપ એરફોર્સ માટે યોગ્ય ઉમેદવાર છો કે નહીં તે માપવામાં આવે છે. આ તમામ તબક્કામાં ઉત્તિર્ણ થયા બાદ આપનું એરફોર્સ માં સિલેકશન થતુ હોય છે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

૩. હું અત્યારે ધોરણ ૧૨ કોમર્સમાં અભ્યાસ કરું છું. બી.એસ.એફ.માં સ્પોર્ટ્સ ક્વોટા દ્વારા જોબ મેળવવા માટે શું કરવુ જોઇએ?

- આલોક પટેલ, ગાંધીનગર

સૌપ્રથમ આપને જણાવી દઈએ કે બી.એસ.એફ ધ્વારા અલગ-અલગ સ્પોર્ટ્ એટ્લે કે રમત-ગમત માટે નિયત સમયે જગ્યાઓ બહાર પડતી હોય છે. જેમેકે હોકી, ફૂટબાલ, પોલો, દોડ, ઉંચી કૂદ, લાંબી કૂદ, ગોળા ફેંક, ખો-ખો વિગેરે. તમે આ બધામાંથી આપની રૂચિ અને યોગ્યતા મૂજબ પસંદ્રી કરી અરજી કરી શકો છો. આ જગ્યા માટે સૌથી અગત્યની યોગ્યતાની વાત કરીએ તો એ છે આપની ફિઝિકલ ફિટ્નેસ્ (શારીરિક ક્ષમતા). એટ્લે કે એ માટે આપની ઉંચાઈ,વજન, છાતી, વિગેરે બાબતોને ચેક કર્યા બાદ જો આપ જે તે જગ્યાની લાયકાત માટે જરૂરી માપદંડો ને લાયક હોવ તો આપની પસંદ્રી થઈ શકે છે. અન્ય લાયકાતની વાત કરીએ તો આપે રાષ્ટ્રિય અથવા આંતરાષ્ટ્રિય રમત-ગમત સ્પર્ધામાં જે તે રમત ગમતમાં ભાગ લીધો હોવો જોઈએ અથવા આપે યુનિવર્સિટી સ્પોર્ટ બોર્ડ ધ્વારા યોજવામાં આવતી સ્પર્ધામાં આપે આપની જે-તે યુનિવર્સિટી વતી ભાગ લીધો હોય અથવા આપે કોઈ રાષ્ટ્રિય રમત-ગમત સ્પર્ધામાં નેશનલ એવોર્ડ જીતેલ હોય તો આપ સિલેક્શન માટે લાયક હોવ છો. આ પૈકી જો આપ ઓછામાં ઓછી એક લાયકાત ધરાવો છો તો આપ જે તે જગ્યા માટે લાયક ગણાઓ છો. આપ આ જગ્યાઓ માટે બી.એસ.એફ ની વેબ સાઈટ પર જઈ ને અરજી ફોર્મ ડાઉનલોડ કરી શકો છો.અને જે આપ સાઈટ મા

બતાવેલ એડ્રેસ પર મોકલી શકો છો.ત્યાર બાદ આપને પસંદગી પ્રક્રિયા માટે બોલાવવા માં આવે છે જેમાં આપની શારીરીક કસોટી સાથે-સાથે આપનું ડોક્યુમેન્ટ વેરિફિકેશન થાય છે તેમાં આપની માર્કશીટ, ઓળખપત્ર, વગેરે ચેક કરવામાં આવે છે. અને ત્યારબાદ આપનુ મેડિકલ ચેક-અપ કર્યા બાદ આપ જે તે જગ્યા માટે જોબ મેળવી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુક: www.facebook.com/questions.careercorner